તા.૧૬/૧૨/૨૦૧૪ મંગળવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી ૩૦૫૦/૧૪**

**" મોજ શોખ પુરા કરવા સારુ ચોરી કરવાના રવાડે ચડેલ ઇસમ વિશાલસિંગ પરમાર ને ચોરીના મોટર સાયકલ સાથે ઝડપી પાડતી ક્રાઇમ બ્રાન્ચ"**

અમદાવાદ શહેર વિસ્તારમાં બનતા મિલ્કત સબંધી ગુનાઓ શોધી કાઢવા માટે નાયબ પોલીસ કમિશ્નરશ્રી હિમાંશુ શુકલા સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી એમ.ડી.ચૌધરી સાહેબનાઓએ આપેલ સુચના અનુસંધાને ક્રાઇમ બ્રાન્ચના પો.ઇન્સ.શ્રી આર.બી.રાણા, તથા પો.સ.ઇ.શ્રી જે.એન.ઝાલા તથા સ્ટાફના માણસો પેટ્રોલીગમાં હતા દરમ્યાન મેઘાણીનગર ભાર્ગવ ત્રણ રસ્તા ખાતે હેડ કોન્સ્ટેબલ હર્ષદકુમાર મનોહરભાઇનાઆને મળેલ બાતમી આધારે વિશાલસીંગ S/o ઘનશ્યામસીંગ પરમાર ઉવ.૨૦ રહેવાસીઃ ચંદનનગર જયંતિભાઇ ની ચાલી, ભાર્ગવરોડ, ચુવાણનગર, મહાવીર કિરાણા સ્ટોર્સની સામે, મેઘાણીનગર અમદાવાદ શહેર નાને ચોરીની સુઝુકી મેક્સ મોટર સાયકલ નં. GJ-1-CM-707 કિમત રુ.૧૧,૦૦૦/- ના મુદ્દામાલ સાથે ઝડપી લઇ પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી આર.બી.રાણા નાઓએ આરોપીની સઘન પુછપરછ કરતા આરોપીએ પોતાના મોજશોખ પુરા કરવા સારુ શાહીબાગ વિસ્તારમાંથી મોટર સાયકલ ની ચોરી કરેલ હોવાની કબુલતા કરતા તે મુદ્દામાલ રીકવર કરી શાહીબાગ પો.સ્ટે.નો વાહન ચોરીનો ગુન્હો ડીટેકટ કરેલ છે.

**આઈટેન કાર તથા મોબાઈલ ફોનની ચોરી કરતાં અલગ અલગ બે ઈસમોને પકડી લઈ વાહન ચોરી તથા મોબાઈલ ચોરીના ગુનાઓનો ભેદ ઉકેલતી ક્રાઈમબ્રાન્ચ**

અમદાવાદ શહેરમાં વાહન ચોરી તથા મોબાઈલ ફોન ચોરીના બનાવો બનતા હોય જેથી આવા ગુન્હાઓ બનતા અટકાવવા તથા શોધી કાઢવા સારુ પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓએ ખાસ તાકીદ કરેલ હોય જે અન્વયે સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓની સુચના આધારે મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ આજરોજ તા.૧૫/૧૨/૨૦૧૪ ના રોજ પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી જે.એસ.ગેડમ ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓ તેઓની ટીમના પો.સ.ઈ.શ્રી જે.એન.ગોસ્વામી તથા સ્ટાફના માણસો સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં આવા ગુનાઓ શોધી કાઢવા સારુ પેટ્રોલીંગમાં હતાં દરમ્યાન કાંકરીયા વાણીજ્યભવન સામેથી મેહુલ વિક્રમભાઈ પટેલ ઉવ.૨૧ રહે.એ/૩૬ ગાયત્રીકુંજ સોસાયટી ભરત પાર્ટી પ્લોટની પાછળ રબારી કોલોની સીટીએમ અ'વાદ નાને તેના કબ્જાની હુન્ડાઈ આઈ-૧૦ કાર નં- જી.જે.૧.કે.એમ.૫૫૯૮ કિ.રૂ ૩,૦૦,૦૦૦/-ની સાથે પકડી લઈ સી.આર.પી.સી. ૪૧(૧)ડી મુજબ કાયદેસર કાર્યવાહી કરવામાં આવેલ.

સદર આરોપીની પુછપરછ દરમ્યાન સદર આઈ-ટેન કાર તેણે વીસ પચ્ચીસ દિવસ પહેલા જશોદાનગર અન્નપુર્ણા રેસ્ટોરન્ટ પાછળથી ચોરી કરેલ હોવાની હકીકત જણાવતા જે આધારે તપાસ કરતા સદર કારની ચોરી બાબતે **જી.આઈ.ડી.સી.વટવા પો.સ્ટે. ખાતે ફ.ગુ.ર.નં. ૧૩૨/૨૦૧૪ ઈ.પી.કો.કલમ ૩૭૯ મુજબનો દાખલ શોધાયેલ છે**.

તેમજ ઉપરોક્ત ટીમના માણસો આજરોજ પેટ્રોલીંગમાં હતાં દરમ્યાન રીલીફ રોડ વિજળીઘર સામેથી જીગર રામુભાઈ દાંતણીયા ઉ.વ. ૨૨ રહે. ઈન્દિરાનગરના છાપરા વેર હાઉસની બાજુમાં લાલાકાકા હોલ પાસે શાહપુર દરવાજા બહાર અ.વાદ નાને તેના કબ્જાના એક આઈ બોલ કંપનીનો મોબાઈલ ફોન કી.રૂ. ૧૨,૦૦૦/-ની સાથે પકડી લઈ સી.આર.પી.સી. ૪૧(૧)ડી મુજબ કાયદેસર કાર્યવાહી કરવામાં આવેલ છે જે પકડાયેલ આરોપીની પુછપરછ કરતાં આ ચોરીનો મોબાઈલ હોવાની અને પોતે એક છોકરા પાસેથી લીધેલ હોવાનુ જણાવતા જે અંગે તપાસ કરતા આ ફોન ની ચોરી બાબતે **મણીનગર પો.સ્ટે. ખાતે ફર્સ્ટ ગુર.નં. ૨૧૨/૨૦૧૪ ઈ.પી.કો.કલમ ૩૭૯ મુજબનો** ગુનો શોધાયેલ છે.

**આરોપીની એમ.ઓ**

ઉપરોક્ત પૈકી આરોપી મેહુલ પટેલ નાનો વટવા વિસ્તારમાં આવેલ કેડમેક નામની ફેકટરીમાં ડ્રાઈવર તરીકે નોકરી કરેછે અને ત્યાના મેનેજરની કંપનીની કાર ચલાવતો હતો અને આ મેનેજરની પ્રાઈવેટ કાર પણ ક્યારેક તે ચલાવતો હતો તે દરમ્યાન આ પ્રાઈવેટ કારની ડુપ્લીકેટ ચાવી તેણે બનાવી લીધેલ અને તે ચાવીથી લોક ખોલી કાર ચોરેલ કરેલ હતી. અને આ કારનો અસલ નં.જી.જે.૧૭.એ.એચ.૨૩૦૪ નો હતો તે નંબર પણ તેણે બદલી જી.જે.૧.કે.એમ.૫૫૯૮ નો લગાડેલ હતો. અને આ કાર પોતે પોતાની સોસાયટીના નાકા ઉપર મુકી રાખતો હતો અને અમુક વખત પોતાનો શોખ પુરો કરવા આ કાર પોતે ફેરવતો હતો.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.